maahi™
MAAHI MILK PRODUCER COMPANY

Maahi

પરિપત્ર નંબરઃ માહી/પી.આઇ.બી./૨૦૧૮-૧૯/૦૩ જાન્યુઆરી, ૦૩ ૨૦૧૯

# પરિપત્ર

પ્રતિ,
માહી મિલ્ક પ્રોડ્યુસર કંપની લિમિટેડના
સભ્ય ભાઇઓ/બહેનો,
........................................................ દૂધ એકત્રીકરણ કેન્દ્ર (એમ.પી.પી.)
તાલુકો ................................................ જીલ્લો.........................................................

આથી **માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ** ("કંપની")ના સભ્યોને ખુશાલી સહ જણાવવાનું કે, કંપનીના સભ્યોએ કંપની પ્રત્યે દર્શાવેલ વફાદારી અને સકારાત્મક સહયોગને ધ્યાનમાં લઇને કંપની દર વર્ષે ઇન્સેન્ટિવ(પ્રોત્સાહન)ની ચૂકવણી કરતી રહી છે.

આપ સૌ જાણો છો કે ઉનાળાની ઋતુમાં દૂધ ઉત્પાદન ઓછું હોય છે. આવા સંજોગોમાં ઉનાળામાં દૂધ આપૂર્તિને પ્રોત્સાહન આપવા માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાર્ષિક દૂધ આપૂર્તિ માટેના ઇન્સેન્ટિવ ઉપરાંત ઉનાળાની ઋતુમાં કરેલ દૂધ આપૂર્તિ માટે પણ અલગથી ઇન્સેન્ટિવ ચૂકવવાનું નક્કી કરેલ છે.

- **અ. વાર્ષિક ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન)** : વાર્ષિક ઇન્સેન્ટિવની ચૂકવણી તા.૦૧.૦૧.૨૦૧૮થી તા.૩૧.૧૨.૨૦૧૮ દરમિયાન સભ્ય દ્વારા કંપનીને પુરા પાડેલ દૂધના દરેક લિટર દીઠ તેમજ પરિપત્ર નં: માહી/પી.આઇ.બી./૨૦૧૮-૧૯/૦૨, તા.ઓગસ્ટ ૦૯, ૨૦૧૮માં દર્શાવ્યા પ્રમાણે જણાવેલ પ્રાથમિક માપદંડોની પૂર્તિના આધારે **રૂા. ૦.૯૦ પ્રતિ લિટર** લેખે ચૂકવવામા આવશે.
- **બ. લીન સીઝન (ઉનાળાની ઋતુ) નું ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન)** : વાર્ષિક ઇન્સેન્ટીવ ઉપરાંત લીન સીઝન (ઉનાળાની ઋતુ) એટલે કે એપ્રીલ થી જુલાઇ-૨૦૧૮ દરમિયાન સભ્યો દ્વારા પુરા પાડેલ દૂધના જથ્થા પર **રૂા. ૧.૦૦ પ્રતિ લિટર** લેખે ઇન્સેન્ટિવ(પ્રોત્સાહન) ચૂકવવામાં આવશે.

સભ્યોને ઇન્સેન્ટિવની ચૂકવણી નીચેના નિયમો અને શરતોને આધીન કરવામાં આવશે.

૧. કંપનીના રેકોર્ડ્સ મુજબ જે દૂધ ઉત્પાદક તા.૩૧.૧૨.૨૦૧૮ના રોજ કંપનીના સભ્ય હતા અને આવા સભ્યએ તા.૦૧.૦૧.૨૦૧૮ થી તા.૩૧.૧૨.૨૦૧૮ દરમિયાન કંપનીને દૂધ પુરુ પાડેલ છે તેમજ પરિપત્ર નં: માહી/પી.આઇ.બી./૨૦૧૮-૧૯/૦૨, તા.ઓગસ્ટ ૦૯, ૨૦૧૮માં દર્શાવ્યા પ્રમાણે જણાવેલ પ્રાથમિક માપદંડોની પૂર્તિ કરેલ છે તે દૂધ ઉત્પાદક સભ્યો વાર્ષિક ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન) મેળવવા માટે હકદાર રહેશે.

૨. કંપનીના રેકોર્ડ્સ મુજબ જે દૂધ ઉત્પાદક તા. ૩૧.૧૨.૨૦૧૮ના રોજ કંપનીના સભ્ય હતા અને આવા સભ્યએ તા.૦૧.૦૪.૨૦૧૮ થી તા.૩૧.૦૭.૨૦૧૮ દરમિયાન કંપનીને એક પણ લીટર દૂધ આપેલ છે તે દૂધ ઉત્પાદકો લીન સીઝન (ઉનાળાની ઋતુ)નું ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન) મેળવવા માટે હકદાર રહેશે.

૩. ઇન્સેન્ટિવની રકમ, કંપની પાસે રહેલ બેંક ખાતાની વિગતો મુજબ સીધી જ સભ્યના બેંક ખાતામાં તા.૧૫.૦૧.૨૦૧૯ સુધીમાં અલગથી ચૂકવવામાં આવશે.

કંપનીના દરેક સભ્ય કંપની સાથે પોતાનાપણાની ભાવના વડે સંકળાયેલા રહી વફાદારી પૂર્વક કંપનીના તેમજ કંપની સાથે જોડાયેલ દરેક વ્યક્તિના સર્વાંગી વિકાસ અને પ્રગતિમાં સહયોગ આપી સહભાગી થાય એવી અભ્યર્થના.

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ** વતી,

ચીફ એક્ઝિક્યુટિવ

નકલ રવાના:-

૧. ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવશ્રી
૨. કંપની સેક્રેટરીશ્રી
૩. ડીજીએમશ્રી (એફ.ઈ. એસ.)
૪. ઝોનલ ઇન્ચાજશ્રી (મિલ્ક પ્રોકયોરમેન્ટ)
૫. એકાઉન્ટ વિભાગ
૬. પી.ઇ.એસ.વિભાગ
૭. તમામ ડીસ્ટ્રિકટ ઇન્ચાર્જશ્રી
૮. તમામ એરીયા ઇન્ચાજશ્રી /બી.એમ.સી.ઇન્ચાર્જશ્રી
૯. તમામ એમ.પી.પી.

**MAAHI MILK PRODUCER COMPANY LIMITED, CIN** (Corporate Identity Number) : U01403GJ2012PTC070646
Regd. Office : 3rd & 4th Floor, Sakar Building, Opp. Rajkumar College, Dr. Radhakrishnan Road, Rajkot-360 001. Gujarat.
Tel. : 0281-2460732 • Fax : 0281-2460734 • E-mail : info@maahimilk.com • Website : www.maahimilk.com
**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, CIN** (Corporate Identity Number) : U01403GJ2012PTC070646
રજી. ઓફિસ : ૩જો અને ૪થો માળ, સાકાર બિલ્ડીંગ, રાજકુમાર કોલેજ સામે, ડો. રાધાક્રિષ્નન્ માર્ગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ગુજરાત.
ફોન : ૦૨૮૧–૨૪૬૦૭૩૨ • ફેકસ : ૦૨૮૧–૨૪૬૦૭૩૪ • E-mail : info@maahimilk.com • Website : www.maahimilk.com